

'દાદા'ની જોડ જગે

'દાદા'ની જોડ જગે નહીં જડે રે લોલ !

મીઠાં મધુ ને મીઠાં મેહુલા રે લોલ,
એથી મીઠા તે મારા 'દાદ' રે.---'દાદા'ની...

પ્રભુના એ પ્રેમ તણું પૂતળું રે લોલ,
જગથી જુદેરી એની જાત રે.---'દાદા'ની...

અમીની ભરેલ એની આંખડી રે લોલ,
વહાલનાં ભરેલાં એનાં વેણ રે.---'દાદા'ની...

હાથો ગૂંથેલ એનાં હીરનાં રે લોલ,
હૈયું હેમંત કેરી હેલ રે.---'દાદા'ની...

દેવોને દૂધ એનાં દોહ્યલાં રે લોલ,
શશીએ સિંચેલ એની સોડ રે.---'દાદા'ની...

જગનો આધાર એની આંગળી રે લોલ,
કાળજામાં કૈંક ભર્યા કોડ રે.---'દાદા'ની...

ચિતડું ચડેલ એનું ચાકડે રે લોલ,
પળનાં બાંધેલ એનાં પ્રાણ રે.---'દાદા'ની...

મૂંગી આશિષ ઉરે મલકતી રે લોલ,
લેતાં ખૂટે ન એની લહાણ રે.---'દાદા'ની...

ધરણી માતાયે હશે ધ્રૂજતી રે લોલ,
અચળા અચૂક એક તાત રે.---'દાદા'ની...

ગંગાનાં નીર તો વધે-ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે.---'દાદા'ની...

વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ,
'દાદા'નો મેઘ બારે માસ રે.---'દાદા'ની...

ચડતી ચંદાની દીસે ચાંદની રે લોલ,
એનો નહીં આથમે ઉજાશ રે.---'દાદા'ની...

